# આસ્થાનો આધાર, શ્રદ્ધાનો પર્યાય



ધર્મ

■ હસિત મહેતા

અરે, આમ ઘરાકને બહાર કાઢતા શરમ નથી આવતી?
પણ હું રોકડા આપું છું, તો ય વસ્તુ નથી આપવી ?
એમ એકદમ કેમ શટર પાડવું છે ?
પણ મને બે ચીજ આપીને બંધ નહીં થાય?

***

"આખો ચરોતર પંથક શોકમાં ગરકાવ થયો", "નડિયાદના બજારો ત્રીજા દિવસે પણ બંધ રહ્યા", "શ્રદ્ધાળુઓએ આખી રાત લાઇનો લગાવી અંતિમ દર્શન કર્યાં", "મહંતશ્રીની સમાધિમાં અભૂતપૂર્વ ધસારો", "મહારાજશ્રીના દર્શન માટે ભક્તોએ પોલીસના લોખંડી બંદોબસ્તને તોડીને દોટ મૂકી"

*- સમાચાર પત્રોની હેડલાઇન્સ.*

***

"મેરી બીબી જબ દવાખાનેમે થી ઔર ઘરમે ચૂલા જલાને વાલા કોઇ નહી થા તબ મુઝે ઔર મેરે બચ્ચો કો તીન મહિને તક સંતરામ મંદિરને ખાના ખીલાયા હૈ" *- અરબાઝ સૈયદ*

***

"મારી આંખના નંબર લેસર કિરણોથી દૂર કરવાનું મોંઘુ ઓપરેશન સંતરામ મંદિરે મફતમાં કરાવી આપ્યું હતું. એ રીતે મારા લગ્ન આડેની મોટી મુશ્કેલી દૂર થઇ." *- મિનલ કા. પટેલ*

***

જી...હા... તમે સમજ્યા હશો એ જ તરફ આ વાત નો દોર વળી રહ્યો છે, નડિયાદના સંતરામ મંદિર અને તેના મહંત શ્રી નારાયણદાસજી મહારાજ તરફ. આજે ધર્મને નામે ભવાડા કરતા કેટલાક નામચીન સાધુબાવાઓના પાખંડો સીલસીલાબંધ ખુલી રહ્યા છે, અને ભગવા વસ્ત્રોને લજાવતો ઘોંઘાટ વધી રહ્યો છે, ત્યારે નડિયાદ જેવા મધ્યમ કક્ષાના શહેરમાં રહી ધર્મની સાચી રાહ ચીંધવા માટે મૂંગા મોઢે, માત્ર કર્મ અને દીર્ઘ દષ્ટિના જોરે જેણે લાખ્ખોના હૃદય પર પ્રેમ-શ્રદ્ધાનું સાચું સામ્રાજ્ય ઉભું કર્યું છે તેવા આ સંતની હમણાં જ ચીર વિદાય થઇ છે. નડિયાદના સંતરામ મંદિરની ૧૭૩ વર્ષની પરંપરામાં આ નારાયણદાસજી મહારાજ આઠમા મહંત હતા, પણ તેમનો કાર્યકાળ આખી પરંપરાના ઈતિહાસમાં સમ્રાટ અશોકના સુવર્ણ યુગ જેવો બની ચૂક્યો છે. કારણ કે એમણે પોતાના ૩૭ વર્ષના મહંતપદ દરમ્યાન મંદિરની પ્રવૃત્તિને આપેલી દિશા અને ગતિ કોઇ પણ એક વ્યક્તિ, સંસ્થા, કે યુગ કરી શકે તેના કરતાં અનેક ઘણી વધારે અને વિશિષ્ટ છે. સામાન્ય રીતે કોઇ સાધુબાવો કે ધર્મવડો બહુ-બહુ તો કેટલું કરે? પોતાનું મંદિર આરસથી મઢે, સવાર સાંજની આરતીમાં કે પોતાની કથામાં ભક્તજનોનું સંખ્યાબળ વધારવાની અને બતાવવાની સ્પર્ધામાં જીતે, પ્રસાદની પોટલીઓથી હિપનોટાઇઝ થતા દર્શનાર્થીઓની લાઇનો લગાવે, તેજાબી કે તર્કબદ્ધ ભાષણોથી ઊંડું જ્ઞાન ધરાવતા હોવાનો આભાસ ઉભો કરી ધર્મક્ષેત્રના એક અગ્રણી તરીકે ઈમેજ ઊભી કરે કે પછી 'ગુરુકુળો' ને 'ગૌશાળાઓ' ને 'રામરોટી-સદાવ્રતો'ની મિલકતો ઉભી કરી કાળા નાણાંને ધોળા બનાવી આપવાની ફેક્ટરી નાખે... આથી વધારે એવા બિચારાઓ કરી પણ શું શકે? ભાઇ, આખરે એ સાધુ છે, સંત છે, પૂજનીય છે, ધર્મવડો છે, લાખ્ખો ફોલોઅર્સનું શ્રદ્ધા કેન્દ્ર છે. એને માથે ધર્મની રક્ષા કરવાની (અને રક્ષાને બહાને હત્યા કરવાની) જવાબદારી છે. આવા 'પૂજનીય' સાધુ-સંતોનો લીલો દુકાળ આજ કાલ ચાલી રહ્યો છે ત્યારે નડિયાદના આ મહારાજ શ્રી કડવા લીમડા વચ્ચે જોવા મળેલ એકાદ

મીઠી ડાળ જેવી ભૂમિકા ભજવી ગયા છે.

સંસ્કૃતમાં કહેવાયું છે કે અતિપરિચિતોની અવજ્ઞા થાય છે. આપણી દેશી કહેવતે પણ કહ્યું છે કે 'ઘરકી મુરઘી દાલ બરાબર'. એમ કેટલીક વખત આપણી નજર સામેની કોઇ વાત, વ્યક્તિ કે ઘટના આપણા માટે સાવ સામાન્ય હોય, અતિ જાણીતી અને સહેલી-સરળ હોય, પરંતુ હકીકતે એ અસામાન્ય અને વીરલ હોય. પૂ. નારાયણદાસજી મહારાજનો સેવાકાળ પણ આવો જ, નજર સામે હોવાથી રુટીન અને સહજ લાગતો, પરંતુ વાસ્તવમાં અસામાન્ય, પથદર્શક અને મોડેલ રુપ બની ગયો છે.

નડિયાદનું સંતરામ મંદિર એક એવું ધર્મ સ્થાન છે જેણે છેલ્લા ચાર દાયકામાં ધર્મ અને સમાજને સાથે સાથે પોષ્યો છે. ગરીબો અને ભીખારીઓને હાથ લાંબો કરવાની સગવડ હોવાથી તેમને જરુરિયાત પૂરી કરવામાં ઝાઝી અગવડ પડતી નથી, પણ લાફો મારી ગાલ લાલ રાખવાની જવાબદારી વેંઢારતો મધ્યમ વર્ગનો માનવી તો ગોદડામાં મોઢું ઘાલીને રડી લે તોય 'આંખ તો ઇન્ફેક્શનથી લાલ થઇ છે' એમ કહી મુશ્કેલીને છુપાવી લેવાની પીડા વેઠતો હોય છે. આવા લાચારોને લાચારીનો અહેસાસ ન થાય અને મુશ્કેલી ટળે એવા આશયથી સસ્તામાં લગ્ન પ્રસંગો પાર પાડી આપવા અને ઓપરેશનો, એક્સે-રે, જાતભાતના ટેસ્ટ જેવા માંદગીના મસમોટા ખર્ચાઓ નજીવી રકમમાં પૂરા કરી શકવાની સગવડો ઉભી કરનારા નારાયણદાસજીએ સંતરામના સંપ્રદાયને સાચી ધાર્મિકતા અને બિનસાંપ્રદાયિકતાના અનુશાસન તરફ ગતિ કરાવી છે.

માત્ર નડિયાદમાં જ નહિ, પરંતુ સમગ્ર મધ્ય ગુજરાતમાં અને દેશ-વિદેશોમાં વસતા લાખ્ખો શ્રદ્ધાળુઓ જેમની વિદાયની મૂડલેસ બની ઝીણી વેદના વેંઢારી રહ્યા છે, તેવા આ મહંત મૂળે તો અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરની થાપટો ઝીલતા સૌરાષ્ટ્ર પ્રદેશના હતા. આપણે એ વાતમાં નથી પડવું કે તે ભાવનગર જિલ્લાના ભડી ભંડારીયા ગામે તે જન્મ્યા'તા, આપણે એ જાણીને શું કામ છે કે તેમનો જન્મ ઇ.સ. ૧૯૩૪માં થયો હતો. તેમના પિતા હરિપ્રસાદ અને માતા મંછાબા હતા કે એ બ્રાહ્મણ કુટુંબ ત્રીસીના દાયકામાં નડિયાદ આવીને વસેલું એ જાણીને પણ ઋષિનું કુળ ને નદીનું મૂળ નહીં શોધવાની શિખામણને આપણે તોડવી નથી, પરંતુ એટલું તો જાણવાની જરૂર ઉત્કંઠા થાય કે દશ વર્ષની કુમળી વયે

> ***જાહોજલાલી એની નથી નાશ પામતી***
> ***જેનું છે દિલ અમીર, ફકીરી લિબાસ છે***
> ***- સ્વ. પેઇન્ટર શેખ***

ગીતાજીના શ્લોકો પોતાના ગુરુજી સમક્ષ કડકડાટ બોલી જતાં નારાયણદાસજી મહારાજ પહેલેથી જ સાચા કર્મ અને ધર્મને વરેલા હતા, એ સંસારમાં હતા ત્યારે જ સાધુ જીવન જેવા તેમના લક્ષણો કુટુંબીજનો પારખી ગયા હતા. કદાચ એટલે જ નહીં પરણવાની ઇચ્છા દર્શાવનાર આ પુત્રને માતા મંછાબાએ પહેલી જ માંગણીએ તત્કાલિન મહંત પૂ. જાનકીદાસને ચરણે હસ્તે મુખે ધરી દીધો હશે. આજે પણ જૂના જોગીઓ સ્મરણોને વાગોળતા કહે છે કે મહારાજશ્રી જ્યારે નડિયાદની ન્યુ ઇંગ્લિશ સ્કૂલમાં ક્લાર્ક હતા ત્યારે સફેદ લેંઘા ઝભ્ભામાં સાયકલ ચલાવતા મંદિરે આવતા. આમ તો એ ખૂબ ઓછું બોલે, છતાં દરેકને હસ્તે મુખે મળે, પ્રેમ આપે અને લાગણીથી ખબર અંતર પૂછે, માટે ત્યારથી બધા એમને આદર અને સન્માનથી જોતાં.

મંદિરના સાતમા મહંત જાનકીદાસજી મહારાજ ઉપર પેરેલીસીસનો હુમલો આવ્યો અને તબિયત અત્યંત બગડી ત્યારે ૧૯૬૭ માં આઠમા મહંત તરીકે પૂ. નારાયણદાસજીની વરણી થઇ. ત્યાર પછી તો જાનકીદાસજીની માંદગી ત્રણ વર્ષ ચાલી. અને તેઓ ૧૯૭૦માં બ્રહ્મલીન થયા. એ પછી આ પવિત્રધામની સેવાનો ભાર પૂ. નારાયણદાસજી ઉપર આવ્યો. સાક્ષીભાવનો અમૂલ્ય વારસો મેળવીને નારાયણદાસજી મહારાજે મંદિરોની જે પ્રસ્થાપિત છાપ હોય તેને ધડમૂળથી બદલી નાખી. માત્ર

> **આપણી નજર સામેની કોઇ વાત, વ્યક્તિ કે ઘટના આપણા માટે સાવ સામાન્ય હોય, અતિ જાણીતી અને સહેલી-સરળ હોય, પરંતુ હકીકતે એ અસામાન્ય અને વીરલ હોય. પૂ. નારાયણદાસજી મહારાજનો સેવાકાળ પણ આવો જ, નજર સામે હોવાથી રુટીન અને સહજ લાગતો, પરંતુ વાસ્તવમાં અસામાન્ય, પથદર્શક અને મોડેલ રુપ બની ગયો છે**

મંજીરા વગાડી, લાડવા ખાઇને એદી બની જતા આપણા અમુક ધર્મસ્થાનોની પ્રવૃત્તિઓનો અહીં છેક જ છેદ ઉડી ગયો. કદાચ આ પાછળ પૂ. નારાયણદાસજી મહારાજની દૃષ્ટિ અને ભાવના તો હશે જ, સાથો સાથ આ મંદિરની પ્રણાલિકામાં પડેલા કેટલા વિશિષ્ટ નિયમો અને પરંપરા પણ હશે.

મૂળ આદિપુરુષ સંતરામ મહારાજ દત્તાત્રેયનો અવતાર મનાય છે. તે રમતાયોગી હતા. દક્ષિણ ગુજરાતમાંથી એ આ તરફ આવ્યા હતા. પરંતુ તેમના અને તેમના વિષે શિષ્યોએ રચેલા પદો, અને એ પદોમાં જોવા મળતા ભાવ અર્થો ઉપરથી એટલું તો ચોક્કસ સમજાય છે કે આ યોગી જ્ઞાન માર્ગના સાધક હતા. એમને મન ભાવ ભક્તિ, પ્રેમ ભક્તિ, શ્રદ્ધા ભક્તિ નહિ પરંતુ જ્ઞાનભક્તિ મહત્ત્વની હતી. બરાબર આપણા મધ્યકાલીન ગુજરાતના જ્ઞાની કવિ અખા જેવી. અખાએ ભક્તો અને ભક્તવડાઓને નર્યા કોરડા ઝીંક્યા છે. એ તો કથાકારો અને વ્યાસપીઠના માલિકોને વેશ્યાઓ જોડે સરખાવે છે. કહેવાતા ગુરુઓને પણ એમણે છોડ્યા નથી. અને ધર્મ પછવાડે આંધળા થતાં ભક્તજનોને પણ ચચરે તેવા ચાબખા એ ઝીંકે છે. તેણે કોઇ એક જ ધર્મને નહીં, પરંતુ ધર્મ માત્રનાં ધતિંગને ભાંડવામાં કાંઇ બાકી રાખ્યું નથી. 'બોડે, જોડે, તોડે વાળ' એમ કહીને તેણે એક સાથે ત્રણ ધર્મને અડફેટે લીધા છે. વાળ બોડવાની વિધિ બતાવીને માથે મુંડન કરાવી ફરતાં હિન્દુ ધર્મના સાધુઓને, વાળને તોડતા જૈન મુનિઓને અને દાઢી વધારીને વાળ જોડતા મુસ્લીમ બિરાદરોને અહીં એણે નિર્મમતાથી ઝાટક્યા છે. આ અખાજીના વિદ્યાધર અને લાલાદાસજી નામના બે શિષ્યો હતા. શ્રી સંતરામ મહારાજ આ લાલદાસજીના કુળના હોવાનું મનાય છે.

સંતરામના પદો, અખાજીના આ બધા શિષ્યોએ લખેલા પદો અને તેમની વિચારસરણીને મળતી આવતી પરંપરા સાથે સંતરામને જોડી-જોઇ શકીએ છીએ. ફરક માત્ર એટલો જ છે કે ધર્મના ધતિંગને અખાએ નરી કડવાશથી ગાયો તો, સંતરામે સમભાવ અને સમરસતાથી એને અળગો કરીને જે સાચુ છે, જરૂરી છે, અને પરિણામલક્ષી છે તેનું વાસ્તવિક રૂપ આપ્યું. અર્થાત સમાજને મોડેલ રુપ, ધર્મ સંસ્થા આપી. આજથી ૧૭૩

વર્ષ પહેલાં આદિપુરુષ શ્રી સંતરામ મહારાજની સમાધિ પછી અહીં એ સંતનાં કોઇ છબી, ફોટો કે મૂર્તિને પૂજવામાં આવતાં નથી. પરંતુ એમની સમાધિ બાદ આપોઆપ પ્રગટ થયેલી જ્યોતની વાત કોઇ રેશનાલીસ્ટની દષ્ટિએ ભલે હસી કાઢવા જેવી હોય, પરંતુ એની તો જરૂર ખાતરી છે કે શસ્ત્રધારી દેવી-દેવતાની કાલ્પનિક છબીઓને પૂજવા કરતાં જે નરી આંખે દેખાય છે, તેવા જ્યોત સ્વરૂપને પૂજવાની વાતમાં, જે આપણને પ્રકાશ આપે છે, અંધારું દૂર કરે છે, સતત સળગીને બીજાને રાહ ચીંધે છે, વગેરે પોઝિટીવ ભાવ સાથે સંકળાયેલા આ જ્યોતરુપને જ ઇશ્વર માનવામાં પેલી કાલ્પનિક છબીઓ કરતાં અનેક ગણી વાસ્તવિક છે. તેની સાથે સંકળાયેલા વજૂદ વગરના વમળો પણ નથી. બીજી મહત્ત્વની વાત એ કે અહીં હિંદુ ધર્મનો ચુસ્ત વાડો નથી. આજે પણ સંતરામ મંદિરે મૂળ નડિયાદનો અને હાલ છેક ગોધરાની શાળામાં ભણાવતો યુવાન મુસ્તુફા અજમેરી નડિયાદ આવે એટલે તુરત જ દર્શન કરવા જાય. નડિયાદમાં ‘સીલ્વર હેર કટીંગ સલૂન’ ચલાવતા અમારા હબીબ ખલીફા નિઃસંકોચ નારાયણદાસજી મહારાજના પગે પડીને વંદન કરે. અરે હદ તો ત્યાં છે કે નડિયાદના એક વિસ્તારમાં આવેલી મદ્રેસા ઉપર એક હિંદુ ધર્મી સંતના નામની તકતી લગાવે એ કેટલી મોટી વાત કહેવાય? મારા મનમાં એ મદ્રેસાવાળી વાત ખૂબ ચર્ચાયા કરે છે. વાત જાણે એમ છે કે મદ્રેસા બનાવવામાં નાણાંભીડ આવતાં કેટલાંક મુસ્લીમ ભાઇઓ મહારાજશ્રી પાસે આવ્યા. મહારાજે પોતાના જ એક સંપત્તિવાન ભક્તને ઇશારો કરી તેઓને મદદ કરવા કહ્યું. બધુ હેમખેમ પાર ઉતાર્યુ અને મદ્રેસા ઉપર ઇપ્કોવાળા સંતરામ નામ દીવાલમાં અક્ષરો કોતરીને લખાઇ ગયું. એનું વિધિવત્ ઉદ્દઘાટન થયું. હિંદુ, મુસ્લીમ ભાઇ ભાઇ બની ભેટ્યા, અને બધુ સમુસુથરું પાર ઉતર્યું. પણ ત્યાંજ પેલો હીરો-હીરોઇનનો બરાબર મેળાપ જામ્યો હોય અને વિલન ઉતરી આવે તેમ કટ્ટરવાદીઓએ ફૂંફાડા માર્યા. એમણે આવા નાપાક કામ બદલ એ મુસ્લીમ ભાઇઓને ધર્મબહાર કરવાનું એલાન ફરમાવ્યું. પેલા તો બિચારા સામાન્ય માનવી, એમનું ગજું કેટલું? એ દોડ્યા પછી મંદિરમાં અને નારાયણદાસજીને આપવીતી કહી. મહારાજે તો તુરંત જ હસતા-હસતા કહી દીધું કે “એમાં ગભરાવ છો શું, ઉઠો, અબઘડી જઇને મદ્રેસા પરથી નામ ઉખાડી નાંખો” પેલા બિરાદરોના આંખના ખૂણા ભીંજાયા. એમના ગયા પછી મહારાજે ઇપ્કોવાળા શ્રી દેવાંગભાઇને આખી પરિસ્થિતિથી વાકેફ કર્યા, સમજાવ્યા અને કહ્યું કે, “દેવાંગ, આ લોકો સંકોચ પામશે, માટે આપણે જાતે જ જઇને ત્યાંથી નામ ઉખેડી નંખાવો” દેવાંગભાઇ કહે છે, ‘મને મહારાજે જ્યારે આ વાત કરી ત્યારે એ મુસ્લીમ ભાઇઓ માટે સહેજ કંટાળો આવ્યો. ગુસ્સો પણ ખરો, પરંતુ મહારાજે કહ્યુ એટલે હું તો એમને મળ્યો અને પૂછ્યું, ‘ચાલો, ક્યાંથી નામ ઉખેડવું છે?’ મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. એ ભાઇઓએ બે હાથ જોડીને જવાબ વાળ્યો કે, “દેવાંગભાઇ, આ નામ અમારા હૃદયમાં કોતરાયું છે. એને ઉખાડાય નહીં. તમે પણ ઉખેડશો નહીં. અમે એની ઉપર બીજી દીવાલ ભરી દઇએ છીએ અને પછી આગળની બાજુએ, એ નવી દીવાલ ઉપર અમે બીજું નામ લખીશું. પણ યાદ રાખજો કે જેમ અમારા હૃદયમાં, તેમ એ દીવાલની પછીતે મહારાજનું નામ સદાય રહેશે. એ કદી ઉખડશે નહીં.” અને પાછળથી આ ભાવ મુજબ કામ થયું પણ ખરું.



આ આખી ઘટના કેવી જબરદસ્ત છે? હિંદુ કે મુસ્લિમ, સામાન્ય માનવી તો સમભાવથી ભરેલો છે. એને મન મંદિર ને મદ્રેસા વચ્ચે કોઇ ભેદ નથી, પણ ધર્મના કહેવાતા રખેવાળો કેટલા ઝેરી છે? સ્થાનિક સંબંધોને વણસાવવા માટે એ કેવી ઘાતક યોજનાઓ કરે છે? ધારો કે આ પ્રસંગમાં એક તરફ નારાયણદાસજી મહારાજને બદલે આજના કોઇ ધર્મનેતા હોત તો? સંતરામ મહારાજશ્રીએ તેને કેટલો સહજ છતાં આદર્શ ગણી શકાય તેવો વળાંક આપ્યો? આવી જ એક બીજી ઘટના ગોધરાકાંડ પછીના સળગેલા ગુજરાત વખતે ઘટી. પૂજ્ય સંતરામ મહારાજ નડિયાદમાં આવીને સૌ પ્રથમ જ્યાં વસ્યા હતા તે જગ્યા શ્રી સંતરામ મહારાજની દેરી ને નામે બહુ મોટું શ્રદ્ધાકેન્દ્ર બની છે. દર ગુરુવારે તો ટ્રાફિક જામ થાય એટલી ગીર્દી જામે. એ દેરીએ મહારાજશ્રીના પગલાં છે, જ્યાં દર્શનાર્થીઓ મસ્તક ઝૂકાવે, બાધા-આખડા રાખે, ફેરાઓ ફરે, અને ભજન-કીર્તન પણ યોજાય, સળગતાં ગુજરાત વચ્ચે નડિયાદ શાંત બેઠું હતું. એ વાત પેલા સળગાવનારાઓના મનમાં સળગતી હતી. એટલે દેરીના પગલાં ઉપર કાળી રાત્રે કોઇ માંસ-મચ્છી નાખી ગયું. વાત વાયુવેગે ફેલાઇ ગઇ. ભારેલો અગ્નિ તો હતો જ. એમાં દેરીનાં પગલાંને આ રીતે કોઇ અભડાવી ગયું એ વાતની ચિનગારી ચંપાઇ. ટૂંકી બુદ્ધિવાળાઓ રોષથી, તો ઠરેલા ધમાલની કલ્પનાથી ધ્રૂજવા લાગ્યા. બધાને થયું કે હવે આવી બન્યું. પણ પૂ. નારાયણદાસજીએ સ્થિતિ પારખી જઇને ભક્તોની મિટિંગ બોલાવી. આ મિટિંગ કોઇ ઔપચારિક બેઠક હોય એવી નહીં. એવું હોય તો ચર્ચાઓ થાય, વાદવિવાદ થાય અને વાત વણસે. મહારાજશ્રી બે-ત્રણ જોડકાંમાં ભક્તોને બોલાવતાં જાય, અને કાંઇ પણ સમજાવાને બદલે સીધી વાત જ કહે કે શાંત બેસી રહો.એ દિવસે સવારથી આ ક્રમ ચાલેલો. મહારાજે બેઠા-બેઠા ૨૦૦ થી વધુ લોકોને નડિયાદમાંથી બોલાવ્યા અને આજ્ઞાઓ કરવા માંડી. મહારાજને મેં આ રીતે કદી એક તરફી, એક વાક્યમાં, સામાવાળાને સાંભળ્યા વગર આજ્ઞા કરતાં જોયા નથી, પણ પરિસ્થિત પારખી લઇને એમણે પોતાની આજ્ઞાને આગળ ધરીને કેટલી મોટી હોનારત અટકાવી દીધી. આ શહેરનું એવું કોઇ ચર્ચ નહીં હોય કે જ્યાં સંતરામનો સથવારો નહીં પહોંચ્યો હોય. નડિયાદના એક માત્ર ગુરુદ્વારામાં નિયમિત રીતે કરવામાં આવતાં લંગરમાં અનાજ તો સંતરામે જ પહોંચાડ્યું હોય.

આમ, સાચા ધર્મને માનવધર્મ-સમાજધર્મ-જીવધર્મ-સેવાધર્મ... એ

જે કહો તે, પણ આપણો ભગવો અને લીલો વગોવાય છે તેવા ધર્મને નહીં, પરંતુ સાચા ધર્મને જ પૂજ્યો છે - એ આ મંદિર અને તેના મહંત પૂ. નારાયણદાસજીની બીજી વિશેષતા.

આ મંદિરની ત્રીજી વિશેષતા એ છે કે અહીં જે મહંત બને તે કદી મંદિર પરિસરની બહાર નીકળે નહીં. આજીવન આ સ્થાનકમાં જ રહેવાનું. માંદા પડે કે મૃત્યુ પામે તો પણ નહીં. આથી હમણાં જ સાકેતવાસી બનેલા પૂ. નારાયણદાસજીને ભૂમિસ્થ સમાધિ મંદિરમાં જ આપવામાં આવી. ગુજરાત નહીં, ભારતભરમાં આવું એક પણ મંદિર બતાવો જ્યાંનો સાધુ મંદિરના પગથિયાની બહાર પગ ના મૂકતો હોય. હું માનું છું કે આજના અભડાઇ ગયેલા કેટલાંક સંતો કુંભમેળાના ગંગાસ્નાનથી નહીં, પણ સંતરામ મંદિરની આવી પરંપરા ફરજિયાત પણે લાદવાથી તુરત જ પવિત્ર બની જાય. જરા એટલો જ વિચાર કરો કે એક સાધુને એના મંદિરમાં જ બેસી રહેવાનું હોય, ક્યાંય બહાર નહીં જવાનું, પધરામણીઓ નહીં કરવાની, સભાઓ નહીં ગજવવાની અને યાત્રાઓ નહીં કાઢવાની, એમ ફરમાવવામાં આવે તો કેટલાં બધા પ્રશ્નોનો અંત આવી જાય?આમેય કોઇ સંસારી હોય કે સાધુ. પણ એક જગ્યાએ ઠરીને બેસે અને કામ કરે એને જ સાધના કહેવાય ને? પછી એ સ્થળ જેલ હોય, ઘર હોય કે મંદિર હોય. સવાલ એ છે કે તમે તમારા સ્થળ અને કાર્યને કેટલી સઘન અને સરસ રીતે વળગી રહો છો. સંતરામના મહંતને મંદિરમાં જ આજીવન રહેવાની આ પરંપરા જ એની વિશિષ્ટતાનું એક મહત્ત્વનું કારણ છે. અહીં એ દલીલ પણ કરી શકાય એમ નથી કે સાધુ મંદિર છોડે નહીં તો સંસારમાં ધર્મોપદેશ કે ધર્મપ્રચાર કેવી રીતે કરી શકે? કારણ કે અહીં મંદિરના મહંત આ નિયમ પાળે છે, પરંતુ એમના શિષ્ય સંતો અને બીજા શાખા મદિરના મહંતો તો પરિભ્રમણ કરી શકે છે. માત્ર સંસ્થા વડા બેઠા બેઠા પોતાના બધા જ માણસોને દોડાવીને ધાર્યું કામ કઢાવે તેવી જ રીતની ગોઠવાયેલી આ વ્યવસ્થા વિચારનારો મેનેજમેન્ટ કે જીવવાની આર્ટ ક્યાં શીખવા ગયો હશે? અહીં જો ખોલવી હોત તો એક બારી એ પણ હતી કે મસમોટા મંદિરના ચોગાનમાં જ સ્ટેજ બનાવી, માઇકો લગાવી, ટીપીકલ સંત જેવા તેઓ બની શકત. પણ પૂ. નારાયણદાસજી કદી કોઇ રાજનેતા કે ધર્મવડા જોડે વ્યાસપીઠ પર બેઠા હોય, સંબોધનો કર્યા હોય, હારતોરા થયા હોય, ફોટાઓ પડ્યા હોય અને છાપાઓમાં તેમની વાણીના ધન્ય ધન્ય થઇ જવાય એવા સ્ટેટમેન્ટો આવ્યા હોય... એવું કશું જ બન્યું નથી. એટલે સુધી કે ૧૯૯૩માં વડાપ્રધાન પી.વી. નરસિંહરાવે પૂ. નારાયણદાસજીને સર્વધર્મ પ્રત્યે સમરસતાથી કાર્યો કરવા બદલ વિખ્યાત કબીર એવોર્ડથી નવાજ્યા ત્યારે પણ રાજ્યપાલને હસ્તે એ એવોર્ડ તેમણે પોતાના હાથથી લીધો નો'તો. મંદિરની એક શાખા મંદિરના મહંત (અને હાલ મંદિરના વર્તમાન- નવમા મહંતપદે નિયુક્ત થયેલા) રામદાસજી મહારાજે તેમના વતી આ એવોર્ડ સ્વીકારેલો, એ પણ મંદિરના ચોગાનમાં જ. પછી કાર્યક્રમ પત્યો એટલે રાજ્યપાલ સમેત બધા અધિકારીઓ અંદર રૂમમાં બેઠેલા મહારાજશ્રીને મળવા ગયા, દર્શન કર્યા અને છૂટા પડ્યા. આ એવોર્ડ રાજ્યપાલ સીધો તેમને આપવા જઇ શક્યા નથી. પોતાની જાતને માટે અને પોતાની તરફ આવતા સમૂહ માટે આવી ચુસ્ત લક્ષ્મણરેખા દોરવી અને કડવા કે કડક થયા વગર એને પાળવી એ વાત નાની સૂની નથી.

**એક સાધુને એના મંદિરમાં જ બેસી રહેવાનું હોય, ક્યાંય બહાર નહીં જવાનું, પધરામણીઓ નહીં કરવાની, સભાઓ નહીં ગજવવાની અને યાત્રાઓ નહીં કાઢવાની, એમ ફરમાવવામાં આવે તો કેટલાં બધા પ્રશ્નોનો અંત આવી જાય?આમેય કોઇ સંસારી હોય કે સાધુ પણ એક જગ્યાએ ઠરીને બેસે અને કામ કરે એને જ સાધના કહેવાય ને?**

આ મંદિરમાં સવાર સાંજ આરતી થતી નથી. મૂળ સંતરામ મહારાજના સમાધિ દિન- મહા મહિનાની પૂનમને દિવસે ''સાકરવર્ષા''નો ઉત્સવ ઉજવાય, ત્યારે જ મહંતશ્રી વર્ષમાં માત્ર એક જ વખત આરતી ઉતારે છે. મહારાજશ્રી સફેદ વસ્ત્રોમાં જ હોય, કોઇ હારતોરા કે માળા તિલકોના દેખાડા પણ નહીં. આમ, નારાયણદાસજી સ્વભાવે તેમ દેખાવે પણ સૌમ્ય અને સહૃદયી લાગતાં. સવાર-સાંજ ભક્તોના ટોળેટોળા એમના દર્શને આવે, એમાંથી મોટા ભાગના માથું નમાવીને ચાલતા થાય, પણ કેટલાંક દુઃખીયારા મહારાજને મળીને હૃદય ઠાલવે. રોગ મટતો નથી, છોકરો ગાંઠતો નથી. કોર્ટ કેસ ચાલતો નથી, પડોશી સારું રાખતો નથી. પ્રાણી દૂધ આપતું નથી, ચોરાયેલું ઘરેણું કે ખોવાયેલું સ્વજન પાછું આવતું નથી અને વીઝા મળતા નથી... આમ કહેતાં દુઃખી ભક્તજનોને મહારાજે પહેલાં તો કોઇ મંત્ર કે ચોપાઇ આપી માળા કરવાની શીખ આપે કે પછી ભાવથી મહારાજની બાધા રાખવાની શ્રદ્ધાનો મલમ લગાવે, પણ પછી હળવેકથી ટકોર કરી પુરુષાર્થનો પણ બોધ આપતાં મહારાજશ્રીને મેં અનેકવાર જોયા છે.

નારાયણદાસજી મહારાજે પોતાના ત્રણ દાયકાના કાર્યકાળ દરમ્યાન સંતરામની પ્રવૃત્તિઓના સીમાડા સતત વિસ્તાર્યા છે. મોરબી પૂરરાહત હોય, સૌરાષ્ટ્રનો દુકાળ હોય કે કચ્છનો ભૂકંપ હોય, નડિયાદના સંતરામ મંદિરના રાહતકાર્યો ત્યાં કોઇ પણ જાતની જાહેરાતો, બેનરો કે મીડિયાવાળાઓના ટોળાંઓ એકઠા કર્યા વગર જ થયા હોય. નડિયાદમાં આંખની હોસ્પિટલ, સામાન્ય લોહી-પેશાબથી માંડીને સોનોગ્રાફી કે સીટી સ્કેન સુધી ટેસ્ટ કરતી લેબોરેટરી, ફીઝીયોથેરાપી સેન્ટર, ગર્લ્સ હાઇસ્કૂલ, વ્યાયામશાળા, લાયબ્રેરીઓ, છાત્રાલય, સાંસ્કૃતિક કેન્દ્ર, અનાથ આશ્રમ, બધિર શાળા, પાંજરાપોળ, સદાવ્રતો, ખ્રિસ્તીઓના સંમેલનો, શીખોના ભંડારા, મુસ્લિમ બિરાદરોની ઇદ ઉજવણી... આ બધામાં મહારાજશ્રીના આશીર્વાદ, પ્રેરણા અને મોટી નાણાં મદદ હોય જ હોય. વારેવારે મંદિરના ઉપક્રમે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, કાકડાયજ્ઞ, મેઇન-માઇનોર ઓપરેશન યજ્ઞ યોજાય. આવી જનસેવાકીય, દર્દીનારાયણ અને દરીદ્રનારાયણને ઉપાસની પ્રવૃત્તિઓ કોઇ ધર્મસંસ્થા કરે. અને તે પણ દેખાડા કે બૂમબરાડા વગર, આટલા મોટા પ્રમાણમાં અને આટલો લાંબો સમય, તો એના પગથિયે ભલભલા નાસ્તિકનું મસ્તક ઝૂકી જાય તે નિર્વિવાદ છે. કદાચ એટલે જ એમની વિદાય વખતે આખા નડિયાદે ત્રણ દિવસ સુધી સ્વયંભૂ બંધ પાળ્યો હતો. અત્યાર સુધી જાહેર થયેલા બંધ પાળવા દુકાનો બંધ કરતા ટોળાઓ જોયા છે, પણ કોઇ બંધ બજારો ઉઘાડવા જાહેર અપીલો થઇ હોય એવો આ પહેલો દાખલો હશે. સંતરામના સંતોએ અપીલો કરીને નડિયાદના બજારો ખોલાવવા પડ્યા, એ જ પૂ. નારાયણદાસજી મહારાજ માટેના આદરની પારાશીશી બતાવે છે.

ત્રણ વર્ષ નોકરી કરી, ત્રીસીની ઉંમરે સંસાર ત્યાગી, ત્રણ દાયકા મહંત રહી, ત્રણ દિવસ અચેતન અવસ્થામાં ગાળ્યા બાદ ચિરવિદાય લેનારા આ સંતનાં જીવનકાર્યનું અનુસરણ એ જ તેમને આપેલી સાચી અંજલિ ગણાશે.